જેના મૂળીયા ઊંડા ઉતરી ગયા હોય છે, તે વૃક્ષની જેમ અડગ અને સ્થિર રહે છે. પણ જે પોતાને ઊંડા ઉતારી શકતા નથી તે આ ઘાસની જેમ પવન સાથે હાલકડોલક થયે રાખે છે.

(તસવીર અને શબ્દો : જય ઓઝા)

તહેવારોને અનુલક્ષી સૌરાષ્ટ્રના રૂટમાં પાંચ દિવસ વધારાની બસો દોડશે

ગાંધીનગર ડેપોથી સાતમ આઠમના તહેવારોમાં ટ્રાફિકને પહોંચી વળતા સોમનાથ દ્વારકા સહીતના રૂટમાં નવી બસો દોડાવાનું શરૂ કરાયું

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગર એસ ટી ડેપોમાં છેલ્લા બે ચાર દિવસથી મુસાફરોની વિશેષ ભીડ જોવા મળી રહી છે. તહેવારોના દિવસોમાં વતન તરફ જવા માટે પણ એસ ટી બસમાં ટ્રાફિક વધ્યો છે. જયારે શ્રાવણ મહીનાના પવિત્ર દિવસોમાં ધાર્મિક સ્થળો પર જવા માટે પણ ભાવિકોનો ઉત્સાહ બેવડાયો છે. આવા સંજોગોમાં મુસાફરોને સમયસર યોગ્ય બસ સેવા મળી રહે તે માટે ગાંધીનગર ડેપોથી સોમનાથ તેમજ દ્વારકા સહીતના રૂટોમાં વધારાની બસો દોડવાનો નિર્ણય લેવાયો છે.

તહેવારોના દિવસોમાં સૌરાષ્ટ્ર સહીતના રૂટમાં મુસાફરોની વિશેષ ભીડ રહે છે. દિવાળી અને હોળી ધુળેટીના પર્વ દરમિયાન એસ ટી તંત્ર દ્વારા ટ્રાફિકને પહોંચી વળવા માટે વિવિધ રૂટમાં ખાસ વધારાની બસો પણ દોડાવામાં આવે છે. જેથી બહારગામના રૂટમાં જતા મુસાફરોને યોગ્ય બસ સેવા મળી રહે . હાલ તહેવારો શરૂ થઇ ગયા છે. જેના લીધે નગરના એસ ટી ડેપામાં મુસાફરોની ભીડ વધી છે. એકબાજુ કોરોનાના કેસ પણ ઘટતા હવે નાગરિકો સલામત સવારીનો ઉપયોગ કરવાનુ પસંદ કરી રહ્યા છે. ત્યારે સાતમ આઠમના તહેવારોમાં મુસાફરોને યોગ્ય બસ સેવા મળી રહે તે માટે ગાંધીનગર ડેપોએ આજથી સતત પાંચ દિવસ સુધી ખાસ કરીને સૌરાષ્ટ્રના રૂટમાં વધુ બસો દોડાવાનો નિર્ણય લીધો છે. ગાંધીનગર ડેપો દ્વારા સોમનાથ , દ્વારકાના રૂટમાં અંદાજિત ૨૦ જેટલી વધારાની બસો દોડવામાં આવી રહી છે. આમ તો જરૂરિયાત મુજબ રૂટમાં બસો દોડાવાનુ આયોજન કરાયુ છે. ડેપોમાં ટ્રાફિકને પહોંચી વળવા માટે તહેવારોના દિવસોમાં આ પ્રકારે વધારાની બસો દોડાવવાનુ આયોજન કરવામાં આવે છે. કોરોનાનો કહેર ઘટતા તહેવારોના દિવસોમાં નાગરિકો પોતાના વતનમાં જવા માટે પણ ઉત્સુક બન્યા છે. આ ઉપરાંત પવિત્ર શ્રાવણ મહીનાને અનુલક્ષી ધાર્મિક સ્થળોએ પણ ભીડ જોવા મળે છે. જેના લીધે એસ ટી બસમાં પણ ટ્રાફિક વધી ગયો છે. આવા સંજોગોમાં ગાંધીનગર ડેપોમાંથી વધારાની બસો દોડવામાં આવી રહી છે. આગામી પાંચ દિવસ સુધી સૌરાષ્ટ્ર સહીતના રૂટમાં આ બસો દોડવાશે.

નારદીપુર અને ગોલથરા ગામ ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત લાભાર્થીઓ માટે રજિસ્ટ્રેશન કેમ્પ યોજાયો

ગાંધીનગર જિલ્લા કલોલ તાલુકાના નારદીપુર અને ગોલથરા ગામ ખાતે આજરોજ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત લાભાર્થીઓ માટે રજિસ્ટ્રેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. બન્ને ગામમાં કુલ ૧૨૮ લાભાર્થીઓના રજિસ્ટ્રેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઇ શાહ દ્વારા સરકારની ફલેગશીપ યોજનાનો લાભ સાચા લાભાર્થીઓને સરળતાથી મળી રહે તેવું સુચારૂ આયોજન કરવા જિલ્લા વહીવટીતંત્રને સૂચના આપી છે. જે અંતર્ગત આજરોજ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નારદીપુર અને ગોલથરા ગામ ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત આવાસ પ્લસમાં નોંધાયેલ આવાસ વિહોણા લાભાર્થીઓને સરળતાથી લાભ મળી શકે તે માટે આ રજિસ્ટ્રેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રજિસ્ટ્રેશન કેમ્પ અન્વયે નારદીપુર ગામમાં ૬૮ અને ગોલથરા ગામમાં ૬૦ મળી કુલ ૧૨૮ લાભાર્થીઓનું રજિસ્ટ્રેશન કામગીરી હાથ ધરવામાં આવી છે. તે ઉપરાંત આગામી સમયમાં કલોલ, દહેગામ, ગાંધીનગર અને માણસા તાલુકાઓના આવાસ વિહોણા લાભાર્થીઓને મુશ્કેલી ન પડે અને સરળતાથી રજિસ્ટ્રેશન કામગીરી થઇ શકે તે માટે કુલ ૬૭૪ લાભાર્થીઓ માટે આ રજિસ્ટ્રેશન કેમ્પનું આયોજન કરવામાં આવનાર છે.

મહિલા ગ્રામ વિદ્યાપીઠ, નારદીપુર સંસ્થાનું ગૌરવ

ગ્રામસેવા મંદિર, નારદીપુર સંચાલિત મહિલા ગ્રામ વિદ્યાપીઠ, નારદીપુરની વિદ્યાર્થીની કુ. વિધિ કિર્તીકુમાર કડિયાએ ચાલુ વર્ષ

લેવાયેલ બીઆરએસ તૃતીય વર્ષ સેમેસ્ટ-૬ની પરીક્ષામાં ૯૩.૫ ટકા મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ બી.આર.એસ. રૂરલ ફાર્મ મેનેજમેન્ટ ફેકલ્ટીમાં પ્રથમ આવી સંસ્થાનું ગૌરવ વધાર્યુ છે.

કલોલ ખાતેની મટવાકુવા આંગણવાડી કેન્દ્ર ખાતે સર્ગભા અને ધાત્રી માતાઓ માટે આરોગ્ય તપાસણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાયેનેકોલોજિસ્ટ ડૉ. જીમેશ પટેલ, અર્બન હેલ્થ સેન્ટરના ડૉ. રિશી કડિકર અને ડૉ. રિધ્ધિ શાહ દ્વારા ૫૫ સગર્ભા અને ધાત્રી માતાઓને આંગણવાડી કેન્દ્ર ખાતે તપાસ કરવામાં આવી હતી. તેમજ મહિલાઓને સ્થળ ઉપર સારવાર પણ આપવામાં આવી હતી. આ કેમ્પમાં ઉપસ્થિત મહિલાઓને ખજૂર અને ચણાના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ આરોગ્ય વિષયક જાણકારી આપવામાં આવી હતી.

સરદાર સરોવર ડેમ ગત વર્ષની તુલનાએ ૨૦ મીટર ખાલી

વરસાદ ખેંચાશે તો જળસંકટ ઊભું થવાના એંધાણ : હાલ સરદાર સરોવર નર્મદા બંધની જળ સપાટીમાં ૨૪ કલાકમાં માત્ર ૩થી ૪ સે.મી.નો વધારો નોંધાઈ રહ્યો છે

નર્મદા ,તા.૨૫

આ વર્ષે વરસાદ હાથતાળી આપી રહ્યો છે. હાલ રાજ્યમાં ૪૦ ટકાથી વધારે વરસાદની ઘટ ચાલી રહી છે. પાછલો વરસાદ પડશે તો પણ વરસાદની ઘટ સરભર થવાની સંભાવના ઓછી છે. આ સમયે ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમ પર પીવાના પાણી માટે આધાર રાખવો પડશે તેવી સ્થિતિ ઊભી થશે. હાલ સરદાર સરોવર નર્મદા બંધની જળ સપાટીમાં ૨૪ કલાકમાં માત્ર ૩થી ૪ સેમીનો વધારો નોંધાઈ રહ્યો છે. હાલ નર્મદા ડેમ ૫૦ ટકા કરતા પણ ઓછું પાણી છે. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ડેમ ૨૦ મીટર જેટલો ખાલી છે. સરદાર સરોવર નર્મદા બંધ ગત વર્ષે ૨૮ ઓગષ્ટ, ૨૦૨૦ના રોજ સાંજે ૫ કલાકે ૧૩૮.૬૮ મીટરને પાર કરતા ડેમના ૨૩ દરવાજા ખોલવામાં આવ્યા હતા. ત્યારે નર્મદા નિગમના એમડી ડૉ.રાજીવ ગુપ્તાએ ટ્વીટ કરી દેશને શુભેચ્છાઓ પાઠવી હતી. આ વર્ષે હાલત કઈ જુદી જ છે. સારા વરસાદ અને વહેલા વરસાદની આગાહી કરતું મૌસમ વિભાગ પણ ચિંતામાં છે. કેમ કે આ વર્ષે વરસાદ ખૂબ ઓછો છે. નર્મદા જિલ્લામાં સિઝનનો અત્યારસુધીનો માત્ર ૪૮૭ સ્સ વરસાદ પડ્યો છે. મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રમાં વરસાદ સારો છે પરંતુ સરદાર સરોવરથી ઓમકારેશ્વર ડેમ સુધીનો જે કેચમેન્ટ વિસ્તાર છે, તેમાં ખૂબ ઓછો વરસાદ છે. હાલ નર્મદા બંધની જળસપાટી ૧૧૫.૮૧ મીટર થઇ છે. ઉપરવાસમાંથી પાણીની અવાક માત્ર ૧૨,૩૫૦ ક્યુસેક થઈ રહી છે. જ્યારે જાવક ૧૨,૦૦૦ ક્યુસેક થઈ રહી છે. એટલે હાલ છેલ્લા ૧૨ કલાકમાં માત્ર ૭ સે.મી.નો વધારો નોંધાયો છે. નર્મદા બંધમાં હાલ તો પાણીનો જથ્થો છે પરંતુ જો વરસાદ હજુ ખેંચાશે તો ગંભીર જળસંકટ ઊભું થશે. ૨૦૧૮માં જ્યારે નર્મદા બંધની જળસપાટી ૧૧૦ મીટર ગઈ હતી ત્યારે ઈરીગેશન બાઈપાસ ટનલ ખોલવાની જરૂર પડી હતી. બાદમાં બે વર્ષ સારો વરસાદ પડતા નર્મદા બંધ મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટર સુધી પહોંચી ગયો હતો અને ડેમના ૨૭ ગેટ ખોલવાની ફરજ પડી હતી. પરંતુ આ વર્ષે પરિસ્થિતિ વિપરીત છે. ડેમમાં ઓછું પાણી હોવાને કારણે નર્મદા ડેમમાંથી રાજ્યને ઓગસ્ટના અંત સુધી જ સિંચાઈનું પાણી મળશે. નર્મદા ડેમમાં હાલ ૩.૪૯ મિલિયન એમએએફ (એકર ફૂટ) એટલે કે ૪૫.૫૦ ટકા પાણીનો ડેડ સ્ટોરેજ છે. અત્યારે ખેંચાયેલા વરસાદની સ્થિતિ હોવા છતાં સિંચાઈ માટે વધુ કાપ આવે એવા સંજોગો ઊભા થવાની શક્યતાઓ છે. ડેમમાં પીવાનું પાણી ૩૦ સપ્ટેમ્બર સુધી આરક્ષિત રાખવાનો નિર્ણય નર્મદા કંટ્રોલ ઓથોરિટી દ્વારા કરવામાં આવ્યો છે.

છેલ્લા ૨૪ કલાકમાં નવા કોરોનાના ૧૭ કેસ આવ્યા

ગાંધીનગર, તા.૨૫

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧૭ કેસ નોંધાયા છે. તો આ દરમિયાન ૧ વ્યક્તિનું મૃત્યુ થયું છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭ લોકો કોરોનાને માત આપી સાજા થયા છે. નવા કેસ સાથે રાજ્યમાં કુલ કોરોના કેસની સંખ્યા ૮ લાખ ૨૫ હજાર ૩૪૭ પર પહોંચી ગઈ છે.

રાજ્યના ૬૭૭ બિન હથિયારી એએસઆઈને હંગામી ધોરણે ૧૧ માસ માટે પીએસઆઈ તરીકે એડહોક પ્રમોશન અપાશે : પ્રદિપસિંહ જાડેજા

આ નિર્ણયથી રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી વધુ સુદઢ બનશે

ગાંધીનગર, તા. ૨૫

ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યુ છે કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતીને વધુ સુદ્રઢ બનાવવા માટેના પગલાઓને વધુ અસરકારક રીતે લાગુ કરી શકાય તે હેતુથી રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ રાજ્યના ૬૭૭ બિન હથિયારી એએસઆઈને હંગામી ધોરણે ૧૧ માસ માટે પીએસઆઈ તરીકે એડહોક પ્રમોશન આપવા માટેનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે વધુ જણાવ્યુ છે કે બિન હથિયારી એએસઆઈને ગુજરાત પોલીસ મેન્યુઅલમાં હંગામી ધોરણે એડહોક બઢતી આપવાની જોગવાઈ છે અને તે મુજબ બિન હથિયારી એએસઆઈને ૧૧ મહિનાથી વધે નહિ તે રીતે હંગામી ધોરણે પીએસઆઈ તરીકે એડહોક પ્રમોશન આપવામાં આવશે.

ગુન્હાની તપાસ, તેને લગતા સાધનીક કાગળો તૈયાર કરવાની કામગીરી, નિવેદનો મેળવવા, ગુન્હાને સબંધિત પુરાવાઓ એકત્રિત કરવા, કેસની તપાસ કરવામાં તથા નામદાર કોર્ટમાં મુદત્તા સમયે હાજરી આપવામાં પીએસઆઈની ભૂમિકા ચાવીરૂપ હોય છે. વધુમાં પીએસઆઈની સેવાઓ કાયદો અને વ્યવસ્થાની જાળવણી ઉપરાંત કુદરતી આપત્તિ તથા રાજ્યની મુલાકાતે આવતા મહાનુભાવોની સુરક્ષા અને સલામતી માટે પણ ખુબજ મહત્વની બને છે.

આ નિર્ણયના ફળસ્વરૂપ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી વધુ સુદ્રઢ બનશે તેમજ રાજ્યમાં કોરોના સંક્રમણના નિયંત્રણને અટકાવવા રાત-દિવસ સતત ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓને તેઓની ફરજો વધુ ઉત્સાહ પૂર્વક બજાવવાની પ્રેરણા મળશે.

અભિનંદન

ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમી-ગાંધીનગર તથા અભિગમ ગ્રૂપ-સાંસ્કૃતિક વર્તુળ-અમદાવાદના સંયુક્ત ઉપક્રમે

તાજેતરમાં 'સંસ્કૃત વૈભવ દર્શનમ' વિષયક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

આ પ્રસંગે સંસ્કૃત વિષયના પ્રચાર અને પ્રસાર માટે સુદીર્ઘ તથા પ્રશંસનીય કામગીરી કરનાર ગાંધીનગરના સુત્રસિદ્ધ વિદુષી ડૉ. યોગિની હિમાંશુ વ્યાસનું સન્માન કરવામાં આવ્યું. સમગ્ર ગાંધીનગર આ માટે ગૌરવની લાગણી અનુભવે છે.

લાગણીનો મેળો ● પાના ૪થાનું ચાલુ...

જાય તો ? તેને ઠપકો આપે કાં તો 'બસ હવે તું આજ કરજે' એમ કહી મજાક ઊડાવશે. સમયની સાથે સઘળું બદલાય છે તે આપણને કયાં ઝટ સમજાય છે ?!

ખેર, પર્વોનો ઉલ્લાસ માણીએ. શ્રદ્ધાભેર ઊજવણી કરીએ. ભક્તિભાવ કેળવીએ. સાથે સાથે ઈશ્વરને હૈયે રાખીએ ને ઈશ્વરમય બની જવીએ એમાં જ ખરી સાર્થકતા. જે કૃષ્ણને ઓળખે, જાણે - સમજે ને બધા લાભ ને શુભ પામે.

આ જનમોત્સવના પર્વે આ દેશના બધાં નાના-મોટાં ગામો 'ગોકુળિયાં ગામ' બને એ માટેવ વ્રત નિશ્ચયી થઈએ અને ફરી બતાવીએ તો જ ગોકુળ આઠમની ઊજવણી અને શ્રીકૃષ્ણનું અવતરણ સાર્થક ગણાશે !!!

સ્પર્શમણિ :

ટીકા કરો તો વ્યક્તિ તૂટી જાય પરંતુ કોઈને ટેકો કરો તો વ્યક્તિ ટકી જાય...

● ● ●

મનમાં ઉતરવું અને મનમાંથી ઉતરવું.... બંને વચ્ચે ધુમ્મસ અને ધુમાડા જેટલો ફેર છે.

● ● ●

માણસ પાસે બધા 'સોલ્યુશન' છે.... બસ... 'પ્રોબ્લેમ' બીજાના હોવા જોઈએ.

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

અણસાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રમખાણો અને મોદીના મુખ્યમંત્રી બન્યા બાદની ગુજરાત વિધાનસભાની પ્રથમ ચૂંટણી પણ યોજાઈ હતી. અનિલ મુકીમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નજીકના આઈએએસ અધિકારી રહ્યા છે. મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતાં ત્યારે મુકિમે મુખ્યમંત્રી કાર્યાલયમાં કામ કર્યુ છે. મુકીમ ૧૯૮૫ બેંચના અધિકારી છે. તેઓ કેન્દ્ર સરકારના ખાણ વિભાગમાં સચિવ પદ પર પણ કામ કર્યું છે. રાજ્યના વહીવટીતંત્ર પર તેઓ મજબૂત પક્કડ ધરાવે છે.

તેમના અનુગામી તરીકે ૧૯૮૬ની બેચના પંકજકુમાર રાજ્યમાં સિનિયર મોસ્ટ અધિકારી છે. તેમની સાથે ડો. રાજીવકુમાર ગુપ્તા પણ સિનિયર છે. બન્નેની બેચ એક જ છે અને બન્ને એક સાથે એટલે કે મે ૨૦૨૨માં વયનિવૃત્ત થવાના છે. ૩૧મી ઓગષ્ટે આ બન્ને પૈકી એક ઓફિસરને પસંદ કરવામાં આવતાં ૧લી સપ્ટેમ્બરે ગુજરાતને નવા મુખ્યસચિવ મળશે.

સમિતિ રચો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બેઠક યોજાઈ અને જિલ્લામાં કાર્યરત ૧૯૬૨, કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ સેવા તેમજ જિલ્લામાં કાર્યરત ૧૦ ગામ દિઠ એક મોબાઈલ પશુ દવાખાના દશેલા તા. ગાંધીનગર, વાસણા ચૌધરી તા. દહેગામ અને આજોલ તા. માણસાની કામગીરી બાબતે જીવીકે ઈમરીના પ્રોજેક્ટ કો. ઓર્ડીનેટર સાથે વિગતવાર ચર્ચા કરી પશુપાલકો આ સેવાનો વધુમાં વધુ લાભ લે તે માટે સૂચનો કર્યા હતા.

સરકારની આ યોજનાનો લાભ પશુપાલકો મહત્તમ રીતે મેળવે તે મુજબ જરૂરી છે. કલેક્ટર તથા જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌતમે જીવીકે ઈમરી પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટરને જિલ્લાના પશુપાલન અધિકારી ડૉ. એસ.આઈ. પટેલ સાથે સંકલનમાં રહી ગ્રામ્ય કક્ષાએ સહકાર મેળવવા તથા રૂટના કેલેન્ડર બાબતે બહોળો પ્રચાર-પ્રસાર કામગીરી કરી યોજનાનો હેતુ પશુપાલકોને 'ગામ બેઠાં' સારવાર મળી રહે તેઓ સર થાય તેવુ આયોજન ગોઠવવા જણાવ્યુ હતુ.

ડ્રોની પ્રક્રિયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યા છે જ્યારે હાલ આ વિસ્તારમાં આવાસોમાં પરિવારજનોનો વસવાટ પણ છે. પરંતુ ગુડા નિર્મિત આવાસોની જાળવણીનુ કામ ખાડે જતા હાલ રહીશો અનેક સમસ્યાથી પરેશાન છે. ગુડાના આવાસોમાં નિયત સમય સુધી લાભાર્થીઓને જાળવણી કરી સુવિધાઓ પુરી પાડવાનુ પણ આયોજન કરાયુ હતુ જ્યારે આવાસોમાં વસવાટ શરૂ થયા બાદ જવાબદાર એજન્સીએ પણ હાથ ઉંચા કરી લેતા હાલ ગુડાના આવાસના કબજેદારો દયાજનક હાલતમાં મુકાઈ ગયા છે. આવાસોને ભાડે નહીં આપવા સહીતની વિવિધ શરતો મુદ્દે ગુડાનુ તંત્ર કડક વલણ અપનાવે છે. પરંતુ આવાસ યોજનાની જાળવણીના મામલે એજન્સી સાથે સાંઠ ગાંઠ કરીને ગુડાએ ભ્રષ્ટ વહીવટનો ઉત્તમ નમુનો પુરો પાડયો હોવાનો આક્રોશ પણ લાભાર્થીઓ ઠાલવી રહ્યા છે.

...પરંતુ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંક્રમણથી બચાવવા માટે લાંબા સમય સુધી શાળાઓ બંધ રહી હતી જેના લીધે શાળા સંકુલો પણ વિદ્યાર્થીઓના કોલાહલ વિના સુનકાર જોવા મળતા હતા પરંતુ બીજી લહેરના અંતે છેલ્લા કેટલાક સમયથી કોરોનાના કેસ સતત ઘટતા સંક્રમણનો દર પણ નહીંવત રહેતા શિક્ષણ વિભાગ દ્વારા તબક્કાવાર શાળાઓમાં વર્ગો શરૂ કરવાનુ આયોજન કરાયુ છે. અગાઉ ધો -૯ થી ૧૨ ના વર્ગો શરૂ કરાયા હતા જયારે પ્રારંભિક તબક્કે માત્ર આંગળીના વેઢે ગણી શકાય તેટલા વિદ્યાર્થીઓની જ વર્ગખંડમાં હાજરી જોવા મળતી હતી. ઓનલાઈન શિક્ષણ પણ સાથોસાથ ચાલુ હોવાથી વાલીઓ વિદ્યાર્થીઓને શાળાએ મોકલવાનુ ટાળતા હતા વિદ્યાર્થીઓને શાળાએ મોકલવા માટેનુ સંમત્તિ પત્ર રજુ કર્યા બાદ પણ ૧૦ ટકા જેટલા વાલીઓ વિદ્યાર્થીઓને શાળાએ મોકલતા ન હોવાનુ સ્પષ્ટ થયુ હતુ જયારે હાલની સ્થિતિએ પણ ધો- ૯ થી ૧૨ નગરની શાળાઓમાં સરેરાશ માંડ ૪૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ જ પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય માટે હાજરી આપતા હોવાનુ સ્પષ્ટ થયુ છે. બીજીતરફ આજે શિક્ષણમંત્રી દ્વારા આગામી તા ૨ સપ્ટેમ્બરથી ધો -૬ થી ૮ માટે પણ વર્ગો શરૂ કરવાની જાહેરાત કરી છે. ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસ મોટાભાગે જીરો પર જોવા મળે છે. અલબત્ત સંક્રમણનો દર નહીંવત છે. ત્યારે વિદ્યાર્થીઓનુ શિક્ષણ ન બગડે તે માટે સરકાર દ્વારા તબક્કાવાર વિવિધ ધોરણ મુજબ વર્ગો શરૂ કરવાની મંજુરી આપવામાં આવી રહી છે. પરંતુ ધો -૯ થી ૧૨ માં પણ વિદ્યાર્થીઓની હજુ ૫૦ ટકા હાજરી પણ થતી નથી ત્યારે ધો -૬ થી ૮ ના વિદ્યાર્થીઓને શાળાએ મોકલવા માટે વાલીઓનો અભિગમ પણ કેવો રહેશે તે જોવાનુ રહ્યુ હજુ પણ ત્રીજી લહેરનો ખતરો યથાવત છે ત્યારે વાલીઓ વિદ્યાર્થીઓને શાળાએ મોકલતા ખચકાય છે. બીજીતરફ સ્કુલ્ડ્રેસ , સ્કુલવર્ધી તેમજ હોસ્ટેલ સહીતના ખર્ચને ટાળવા માટે પણ મોટાભાગના વાલીઓ વિદ્યાર્થીઓને શાળાએ મોકલવાનુ ટાળી ઓનલાઈન શિક્ષણનો વિકલ્પ જ અપનાવી રહ્યા છે.

શક્યતા નહિવત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમાં રાહતની એક વાત એ પણ દર્શાવાઈ છે કે, ડેલ્ટા પ્લસ વેરિયંટ પુખ્ત વયની વ્યક્તિ માટે જેટલો ઘાતક છે તેટલો કદાચ બાળકો માટે નહીં હોય. દેશની ૨૮ અલગ-અલગ લેબમાં થયેલા જિનોમ સિક્વન્સના આધારે આ રિપોર્ટમાં જણાવાયું હતું કે ડેલ્ટા પ્લસ વેરિયંટ ચિંતા ઉપજાવે એવી ત્રણ લાક્ષણિકતા ધરાવે છે, જેમાં તેની ફેલાવવાની ક્ષમતા, ફેફસાંના કોષ સાથે મેચ જોડાઈ જવાની ક્ષમતા અને શરીરના એન્ટિબોડી પર તે હાવી હોવાનો સમાવેશ થાય છે.

જોકે, આ રિપોર્ટમાં એવો પણ એકરાર કરવામાં આવ્યો છે કે, ડેલ્ટા પ્લસ અન્ય ડેલ્ટા વેરિયંટ કરતાં વધારે ઘાતક હોવાની વાતને સમર્થન આપી શકે તે માટે હજુય પૂરતા ડેટા અને પુરાવા ઉપલબ્ધ નથી. આ વેરિયંટ અત્યારસુધી ૧૬ રાજ્યોમાંથી લેવામાં આવેલા ૫૮,૨૪૦ સેમ્પલ્સના જિનોમ સિક્વન્સમાં ૭૦માં આ વેરિયંટ ડિટેક્ટ થયો છે.

મહારાષ્ટ્રમાં તેના સૌથી વધુ ૨૩ ત્યારબાદ એમપીમાં ૧૧ અને તમિલનાડુમાં ૧૦ કેસ જોવા મળ્યા છે. અત્યારસુધી આ વેરિયંટથી ચેપગ્રસ્ત બનેલા ત્રણ લોકોના મોત થયા છે. જેમાંથી બે લોકોએ વેક્સિનનો એકેય ડોઝ નહોતો લીધો. કર્ણાટકના વાયરોલોજિસ્ટ અને રાજ્ય સરકારની કોવિડ ટાસ્ક ફોર્સના નોડલ ઓફિસર ડૉ. વી. રવિના જણાવ્યા અનુસાર, ડેલ્ટા પ્લસ ત્રીજી વેવ લાવશે તેવા કોઈ પુરાવા હજુ સુધી નથી મળ્યા. આ વેરિયંટનું સમગ્ર પ્રચલન ઘણું નીચું છે.

તેમણે જણાવ્યું હતું કે કોઈપણ નવો વેરિયંટ નવી વેવ લાવી શકે, પરંતુ ડેલ્ટા પ્લસ અંગે આવા કોઈ પુરાવા નથી મળ્યા. તેના લક્ષણો ડેલ્ટા જેવા જ છે, પરંતુ તેની હાજરી હજુ સુધી અમુક લોકોમાં જ જોવા મળી છે. કેટલાક ડોક્ટર એવું પણ માની રહ્યા છે કે હજુ તો દેશમાં સેકન્ડ વેવ જ પૂરી નથી થઈ. તેવામાં ડેલ્ટા વાયરસમાં થતા કોઈપણ મ્યૂટેશન પર નજર રાખવી જરુરી છે.

કર્ણાટકના અન્ય એક ટોચના વાયરોલોજિસ્ટ ડૉ. વી રવિના જણાવ્યા અનુસાર, ત્રીજી વેવ સપ્ટેમ્બરના મધ્ય સુધીમાં જ આવશે. બીજી વેવ પાછળ તેમણે લોકોની લાપરવાહીને સીધી જવાબદાર ઠેરવી હતી. તેમનું કહેવું છે કે હવે કેસ ઘટી ગયા છે ત્યારે લોકો ફરી લાપરવાહ થઈને ફરી રહ્યા છે. તેમનું માનવું છે કે, ત્રીજી વેવ જેવી સ્થિતિ સર્જાશે કે નહીં તેને લઈને સપ્ટેમ્બરના મધ્ય ભાગ સુધીમાં જ સ્પષ્ટતા થઈ શકશે.

૧૬ને કોરોના... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અફઘાનિસ્તાનના કાબુલથી સતત ભારતીય વાયુસેનાના વિમાનોથી લોકોને દેશ પરત લાવવામાં આવી રહ્યા છે. જેમાં ભારતીય નાગરિકોની સાથે સાથે અફઘાની નાગરિકો પણ સામેલ છે. આ જ કડીમાં ગઈ કાલે ૭૮ લોકોને લાવવામાં આવ્યા હતા. જેમની સાથે ગુરુગ્રંથ સાહિબની ત્રણ નકલો પણ કાબુલથી પાછી લાવવામાં આવી. ભારત અત્યાર સુધીમાં ૫૦૦થી વધુ લોકોને અફઘાનિસ્તાનથી સુરક્ષિત પાછા લાવવામાં આવ્યા છે. એમ્બેસીમાં કામ કરનારા સ્ટાફનું અગાઉ કાબુલથી રેસ્ક્યૂ થઈ ચૂક્યું છે. ભારત દરરોજ બે વિમાનમાં લોકોને લાવવાની કામગીરીમાં લાગ્યું છે. જો કે અફઘાનિસ્તાનથી પાછા આવનારા લોકોની સાથે સતર્કતા પણ વર્તવામાં આવી રહી છે. કોરોના વાયરસના સંકટને જોતા લોકોને ક્વોરન્ટિન કરાવવામાં આવી રહ્યા છે. તેમના ટેસ્ટ થઈ રહ્યા છે. ભારતે પોતાના આ મિશનને ઓપરેશન દેવી શક્તિ નામ આપ્યું છે. ખાસ વાત એ છે કે ભારત પોતાના નાગરિકોની સાથે સાથે અફઘાની નાગરિકો અને દુનિયાના અન્ય લોકોને પણ બચાવી રહ્યું છે. હાલમાં જ ભારત દ્વારા નેપાળ, લેબનોનના નાગરિકોનું પણ રેસ્ક્યૂ કરાયું હતું.

વર્ગખંડ શિક્ષણ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અભ્યાસ માટે આવનારા વિદ્યાર્થીએ પોતાના વાલીનો સંમતિપત્ર પણ લાવવાનો રહેશે, જે વાલી સંમતિ આપે તે જ વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ શિક્ષણ આપવાનું રહેશે. ઓનલાઈન શિક્ષણ પણ ચાલુ રહેશે.

રાજ્ય મંત્રીમંડળના આ નિર્ણયને પરિણામે રાજ્યમાં ૨૦ હજારથી વધુ સરકારી શાળાઓ સહિત ધો-૬ થી ૮ ના વર્ગો ધરાવતી કુલ ૩૦ હજારથી વધુ શાળાઓના ૩ર લાખ જેટલા બાળકોનું વર્ગખંડ શિક્ષણકાર્ય શરૂ થશે. આવી શાળાઓએ સંસ્થાના પરિસરમાં હેન્ડવોશ/સેનિટાઈઝરના પૂરતા પોઈન્ટ રાખવાની તેમજ સરકાર દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી કોવિડ-૧૯ ગાઈડ લાઈન્સનું અવશ્યપણે પાલન કરવાનું રહેશે, તેમ પણ શિક્ષણ મંત્રીએ ઉમેર્યુ હતું.

સંસદ વિચારે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચૂંટણી લડવાનો પ્રતિબંધ લગાવવો જોઈ.આ મુદ્દા પર કોર્ટે વિચારવાની જરૂર છે. ત્યારે ચીફ જસ્ટિસે કહ્યુ હતુ કે, આજીવન પ્રતિબંધ મુકવા પર સંસદે ધ્યાન આપવાની જરૂર છે.કોર્ટને નહીં.

બીજી તરફ એમિકસ ક્યુરી અને સિનિયર વકીલ વિજય હંસારિયાએ કહ્યુ હતુ કે, આઈપીસી ૨૦૯ હેઠળ પેન્ડિંગ કેસની સુનાવણી ઝડપથી થાય તે માટે સૂચના આપવાની જરૂર છે. હાલમાં ૫૧ સાંસદો અને પૂર્વ સાંસદો સામે મની લોન્ડરિંગના કેસ નોંધાયેલા છે. માટે તમામ હાઈકોર્ટને સૂચના આપવામાં આવે કે, સાંસદો અને ધારાસભ્યો સામેના પેન્ડિંગ કેસને પ્રાથમિકતા આપીને ઝડપથી પૂરા કરવામાં આવે.